# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

પોલીસો ને કૂપનથી ચરવાની છૂટ કરી દીધી!
ઉદ્યોગપતિ ને પણ તરવાની છૂટ કરી દીધી!
કરી દીધી છૂટ, ફરવા મન મૂકી, આતંકીઓ ને -
સહ્ય ન્હોય આ બધું તો મરવાની છૂટ કરી દીધી!
(હવે 'આત્મહત્યા' ની છૂટ)

## હાઇકુ

માલ મલીદા,
ચાટસે મહેમાનો -
આપણે ઘંટી..
(રેશનકાર્ડ નું ય ક્યાં મળે છે?)

- ને શરૂ થશે!
લૂંટ-ફાટ ચોરીનો -
વાઇબ્રંટોત્સવ!!
(પોલીસ બંદોબસ્તમાં)

## ચિંતન

**અર્થા ભવન્તિ ગચ્છન્તિ લભ્યતે ચ પુનઃ પુનઃ । પુનઃ કદાપિ નાયાતિ ગતંતુ નવ યૌવનમ્ ॥**

'ધન-સંપત્તિ-સમૃદ્ધિ આવશે અને જતી પણ રહેશે - પરિશ્રમ કરવાથી તે ફરીવાર પણ પ્રાપ્ત થઇ શકે છે, પરંતુ યૌવન-જુવાની એક વખત જતી રહે તો ગમે તેટલા પ્રયત્નો કરો છતાં તે પાછી આવતી નથી.'

આપણે સમયનો સદુપયોગ કેમ કરવો એ જાણતા નથી. ટીવી-વીડિયો-મોબાઇલ-વોટસેપ-કોમ્પ્યુટર જેવી માયાજાળમાં એવા પરોવાઇ જઇએ છીએ કે કલાકો ના કલાકો ક્યાં હોમાઇ જાય છે એનું ભાન જ રહેતું નથી.

આમને આમ ખોટી પ્રવૃત્તિઓને વળગી પડી. સામાજિક કાર્યક્રમ-સેવા મંડળોમાં 'નામ કમાવા' છાપાં કે ટીવીમાં દેખાવા હેતું વિહીન કાર્યો કરી - સભાઓમાં ખોટી 'ભીડ' નો ભોગ બની-ટોળામાં એક ઘેટું બની આપણે દિવસો-વરસો ગુમાવીએ છીએ કોઇવાર જીવનનો હેતુ અને તેના સાફલ્ય માટે આપણે શું કર્યું એનો વિચાર કર્યો છે?!

યૌવન-સમય પાછો આવવાનો નથી.

## સુવિચાર

- તું અભણ છે એ જ સારું છે, ભાઇ કોઇનું મન વાંચવા જેવું નથી **- મકરંદ દવે**
- 'અમે' ની ભાવના વધારો અને હું પદની ભાવના ઓછી કરો, થોડીક વધુ દયા, થોડીક ઓછી ઇર્ષા, જીવનમાં ફૂલોની સોબત વધારો, કફન પર ફૂલો ઓછા હશે તો ચાલશે **- અખંડ આનંદ**
- કોઇકનો વિસામો બનવાની તમારી શક્તિ, સામર્થ્ય અને ઝિંદાદિલી અગાધ અને અપરંપાર છે માટે તમારી જાતને ક્યારેય આ બાબતમાં ઓછી આંકતા નહીં- **એસ. ભટ્ટાચાર્ય**
- સુખ શબ્દનાં બે અક્ષર 'સુ' એટલે સારું અને 'ખ' એટલે ઇન્દ્રિયો. સારી ઇન્દ્રિયો એટલે સારી તંદુરસ્તી. સારી તંદુરસ્તી એ મનદુરસ્તી તરફ ખૂલતો રાજમાર્ગ છે **- જ્ઞાનસૂત્ર**
- સર્જનહારે દરેકને કંઇક એવું આગવું સત્ત્વ અને શક્તિ આપ્યાં છે કે જેનાથી એ બીજાને સુખી કરી શકે છે **- સત્યનારાયણ ગોએન્કા**
- મનમાં અને હૃદયમાં થોડુંક સ્વર્ગ સાચવીને બેઠેલા લોકો જ આ ધરતી પર જીવી શકે છે **- કાન્તિ ભટ્ટ**
- કોઇ જુએ કે ન જુએ ફૂલો તો એમ જ ખીલ્યા કરે છે.. કવિ કાન્ત કોણ હશે?? એવું વિચાર્યા વગર વૃક્ષો તો એમ જ ફળ્યાં કરે છે **- કવિ કાન્ત**

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજના સાધુ-સંતો-બાબા-બાપુઓ લોકોને ભોળવી છેતરી અબજો-કરોડોની સંપત્તિ એકઠી કરી આશ્રમમાં ન કરવામાં કામ કરે છે અને આશ્રમમાં પોતાની સલ્તનત-સેવા વસાવી જુલ્મી રાજ ઊભું કરે છે સંત ને વળી સંપત્તિ સાથે શું સંબંધ?

એક સંત તદ્દન સરળ હતા. નદી કિનારે એક નાની કુટિરમાં રહેતા હતા કોઇ ફળ-ફૂલ આપી જાય તો ખાય નહીં તો પાણી પી ચલાવી લે. ધ્યાન કરે.

એમનો એક ભક્ત બે કિમતી મોટાં મોતી લઇ આવ્યો. ગુરુને ભેટમાં આપ્યાં. ગુરુજીએ એના પર ધ્યાન ન દીધું એટલે શિષ્યએ એક મોતી ઉપાડી ગુરુજીના હાથમાં આપી કહ્યું, 'ગુરુજી આ મોતી ખૂબ જ કિમતી છે.' ગુરુજીથી જોતાં જોતાં મોતી હાથમાંથી સરકી ગયું અને નદીમાં પડ્યું.

શિષ્ય દોડીને નદીમાં કુદ્યો, ખૂબ ડૂબકીઓ મારી થાકીને કલાકો પછી પાછો ગુરુ પાસે આવ્યો ને પુછ્યું, ગુરુજી તમને ચોક્કસ ખબર છે કે એ મોતી કઇ જગ્યાએ પડ્યું?

ગુરુએ બીજું મોતી ફેંકતા કહ્યું, બરાબર આ જગ્યાએ -

શિષ્ય હેબતાઇ ગયો - પણ ગુરુજીની પ્રકૃતિ અને વૃત્તિનો સાચો જવાબ લઇ-ચાલ્યો ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# મુગ્ધ તરંગોમાં રાચવાના એ દિવસો હતા, વર્ષો સુધી એ મુખ સ્વપ્નામાં આવતું રહ્યું, કાનમાં એ શબ્દો પડઘાતા રહ્યા, જેના નામ - સરનામાનો પણ જાણ ન હતી તેવા અજાણ્યા સાથે અંતરના તાર એવા તો ગંઠાય ગયા કે તમામ વાસ્તવિકતા ભુલાઇ ગઇ, યાદ રહ્યું માત્ર એ મુખ - અને એ શબ્દો....

## અચલોડ્ય - સનાતન

- અનંત નં. વ્યાસ

કેટલીય વ્યક્તિઓને ભૂતકાળ વાગોળવાની ટેવ હોય છે અને એ સ્મરણોની રમમાણમાં પોતાના પ્રિયજનના મુખનું દર્શન થતું રહે તે સ્વાભાવિક છે. યાદદાસ્તના આધારે મન એક મૂર્તિ ઘડે છે અને તેમાં વિવિધ રંગો પુરાતા રહે છે. કોઇ પણ વ્યક્તિ અને તેમાંય જો યુવાન સ્ત્રી હોય તો, એ પોતાના પ્રિયજનની વાસ્તવિક મૂર્તિનો ભાગ્યે જ ખ્યાલ રાખે. મનોમૂર્તિ ઉપર તો તેના હૃદયના મધુર ભાવોનો ઢોળ ચડેલો હોય છે. અને આ પ્રક્રિયા જ પ્રિયજનને તેની સ્થૂળ ભૂમિકામાંથી ઉપાડી પ્રણયના દિવ્ય લોકમાં પહોંચાડી દે છે. પ્રણયનો એ ભાવ ક્યારેક જૂનો થતો નથી. આજ સવારથી જ મુકતા બહેનના મનમાં સ્મૃતિની રેલ આવી છે. જૂના અનુભવ અને સ્મૃતિને વાગોળતાં મન અવસાદથી ભરાઇ ગયું. મનની આ ઘડ-ભાંજમાંથી છુટવા એ છાપું લઇને બેઠા. જો કે છાપું એમના માટે ઊંઘની આરાધનાનું કેન્દ્ર છે. ધ્યાન દઇને એ ભાગ્યે જ કંક વાંચે. છાપું ઉઘાડ્યું તો બોક્સમાં મુકાયેલા સમાચાર પર નજર પડી.

કોમી - દાવાનળમાં ઘવાયેલા એક પ્રૌઢને લગતા સમાચાર હતા. ખબરપત્રીના જણાવ્યા પ્રમાણે એ વ્યક્તિએ એક કુટુંબને બચાવી લીધું છે. મુક્તા બહેનને થયું. 'હજી ગાંધીની અસર નીચે આવનાર છે ખરાં? સમાચાર વિગતે વાંચ્યા - ખબરપત્રીના પ્રશ્નના જવાબમાં જે કહેવાયું તે ખાસ અન્ડર લાઇન કરીને આપવામાં આવેલ. એ વ્યક્તિએ ખબરપત્રીને કહ્યું હતું. ભાઇ, હિન્દુ હોય યા મુસ્લિમ. પણ વ્યક્તિને તેના પોતાના જ ઘરમાં મારવી કે સળગાવી દેવી એ ભારે અધમ કૃત્ય ગણાય. માણસને પોતાના ઘરમાં તો સલામતીનો અહેસાસ થવો જ જોઇએ એટલે તો ઘરને આશરો કહે છે. જો માણસ પોતાના ઘરમાં જ અસલામતી અનુભવે તો એ જાય ક્યાં?'

મને આવો વિચાર આવ્યો. અને તેથી એ ઘરના બારણા આડે હું ઊભો રહી ગયો. ટોળાને જણાવી દીધું, 'હું કોઇને એના ઘરમાં મરવા નહીં દઉં. લોકો ગુસ્સે થયા. મારી ઉપર હુમલો કરી. બારણું ખોલવાનો પ્રયત્ન કર્યો. મેં બૂમ પાડી.' ભલે મારો હાથ તૂટી જાય પણ બારણું નહીં છોડું - નહીં છોડું. સહન થયું ત્યાં સુધી ઊભો રહ્યો. સમયસર પોલીસ આવી ગઇ. આબરૂ રહી ગઇ.

સમાચાર વાંચવા મુક્તાબહેનની આંખ ભરાઇ આવી. ઘૂંટડે ઘૂંટડે અમૃત પીતા હોય તેમ આ સમાચાર ફરી - ફરી વાંચ્યા. હાથ તૂટશે... પણ બારણું નહીં છૂટે. શબ્દોના પડઘા મનમાં ઊઠ્યા... 'અરે આ તો એમના શબ્દો... હાં...' મન બોલી ઊઠ્યું. કેટલા વરસો પછી આ શબ્દો સાંભળવા મળ્યા. મનમાં આનંદની અનેરી લાગણીઓ જાગી ગઇ... હાં ફરી મુલાકાતની સંભાવના....' તેના મનમાં પ્રશ્ન ઉઠ્યો. વર્ષોની ઝંખના પુરી થઇ હોય તેમ છાપાને છાતી પર રાખી એ સ્વપ્નલોકમાં સરી પડ્યા.

સૌરાષ્ટ્રના એક તાલુકા મથકમાં બસ-સ્ટેન્ડનું એ દૃશ્ય - મુગ્ધ ઉંમરનો એ કાળ. આઠ-દસ બહેનો બસની વાટ જોતી ઊભી છે. બસ તો સમયસર મુકાઇ. પણ બસને જોઇ જાણે ગાંડા - પશુનું ટોળું વછુટ્યું. ફેટાવાળા - ડોગોવાળા - અધમણ - અધમણના જોડા પહેરનાર મરદ - મુછાળાઓએ બસ ઉપર હુમલો કર્યો. ન કોઇ નિયમ - ન કોઇ કાયદો - ન કોઇ વ્યવસ્થા - બળિયાના બે ભાગ.... જે બસમાં ચડી ગયો એ જંગ જીત્યો - આમા બહેનોનો ક્યાં પતો ખાય? યુદ્ધ-ફાટી નીકળ્યું હોય તેવા હાકલા-પડકારા ને બૂમ-બરાડા સંભળાય. ડ્રાઇવર - કંડકટરને તો આ રોજનો જ બનાવ - પણ ત્યાં એ ટોળાનાં અવાજને વિંધતો સ્પષ્ટ અને નીડર અવાજ સંભળાયો. દૂર હટો દરબાર - આ હાથ નહીં છૂટે - અને બારણું નહીં ખૂલે - જયાં સુધી તમામ બહેનો બસમાં ચડી ન જાય ત્યાં સુધી એક પણ પુરૂષને ચડવા નહીં દઉં. જોશભર્યા નીડર અવાજે ટોળાને ઘડીભર શાંત કરી દીધું. પણ આ તો ટોળું, આ વળી આપણને કોણ અટકાવનાર? એલા - મારો ટપલી - આ વાયડાને... કોઇએ લોકોને ઉશ્કેર્યા. બસના બારણા પાસે જ ટકરાવ થઇ ગયો. ગાળો ધક્કા, લાકડીના ઢોંસા.... તોફાન વધતું જોઇ ટ્રાફિક - કન્ટ્રોલર આવી ગયા. પોલીસ આવી. લોકોને લાઇનમાં ઊભા રાખ્યાં. ત્યારે પોતે જોયું. બાવીસેક વરસનો યુવાન - પેન્ટ-શર્ટ વાળો... બરાબર બારણા વચ્ચે ઊભો હતો. મોઢું સુજી ગયેલ. પણ હાથની પકડ મજબૂત... પોલીસને કહે - આ બહેનો માટે તો વ્યવસ્થા કરો. પોલીસે વ્યવસ્થા કરી... પોતે બસમાં ચડી ગઇ. ધીમે ધીમે બસ ભરાઇ ગઇ. એ યુવાન સૌથી છેલ્લે ચડ્યો. એ ધારત તો બહેનો પછી તુરત ચઢી શકત - સારી સીટ ઉપર જગા મેળવી શકત. પણ એ તો શાંતિથી ઊભો રહ્યો. એ જયારે બસમાં ચડ્યો ત્યારે પગ મૂકવાની જગ્યા પણ ન હતી. જે લોકોને તેના કારણે જગ્યા મળી હતી. તેમાંથી કોઇએ એમ ન કહ્યું કે, 'ભાઇ, તું અહીં બેસ.'

એ ઊભો રહ્યો. બરાબર પોતાની સીટની બાજુમાં. મનમાં થયું ઊભી થઇ તેને જગ્યા આપું.... બહેનો માટે જે સહન કર્યું તે માટે માફી માગુ... પણ શરમ અને સંકોચે મોં દાબી રાખ્યું. માત્ર નજર કરી. આંખ મળી... મોઢું તો સૂજી ગયેલ. પણ ચહેરા ઉપર અપાર શાંતિ અને કરૂણાના ભાવ.... એણે પોતાની સામે જોયું. ફરી આંખ મળી... પોતાના મનના ભાવ એ સમજી ગયો તેમ એ હસ્યો... બસ સોજેલું... જરા-જરા રક્ત ભીનું... પણ સ્નેહાળ - મધુર હાસ્ય ભરેલું એ વદન કાળજામાં ઊંડું કોતરાઇ ગયું...

મુગ્ધ તરંગોમાં રાચવાના એ દિવસો હતા. વર્ષો સુધી એ મુખ સ્વપ્નામાં આવતું રહ્યું. કાનમાં એ શબ્દો પડઘાતા રહ્યા. જેના નામ - સરનામાનો પણ જાણ ન હતી. તેવા અજાણ્યા સાથે અંતરના તાર એવા તો ગંઠાય ગયા કે તમામ વાસ્તવિકતા ભુલાઇ ગઇ. યાદ રહ્યું માત્ર એ મુખ - અને એ શબ્દો....

મનમાં ઊભી રહી મળવાની એક ઝંખના...

આમને આમ વર્ષો વીતી ગયા... યુવાની આછેરી - ત્યાં દૈવયોગ્ય સાંપડ્યા. એક શૈક્ષણિક સેમિનારમાં ફરી મુલાકાત થઇ. ત્યારે ખબર પડી કે શૈક્ષણિક વિદ્યાલયના આચાર્ય છે. નામ છે પ્રકાશ મહેતા. સંસ્થાના એ પ્રાણ છે. ત્રણ દિવસના સાંનિધ્યે ઘણી વાતો થઇ. ત્રણ દિવસમાં તેમના સ્વભાવ, કાર્યપદ્ધતિ અને પ્રેમનો એવો તો અનુભવ થયો કે પોતે પુરેપુરા રંગાય ગયા.

વિદાય આપતાં કહે, 'અહીં જે પ્રાપ્ત થયું હોય તેનો વિશાળ ફલક ઉપર ફેલાવો કરજો. અવતાર કાર્ય લઇ આવનારે વ્યક્તિગત સ્વાર્થના ગુંચળા ન ઉકેલાય. અને પ્રેમ તો પરમાત્માની પર ભેટ છે. તેને પણ વ્યક્તિગત - સ્વરૂપ ન અપાય.'

વિદાયનો આ સંદેશ અંતરમાં ઉતારી પોતે જીવ્યા છે. પ્રણય નહીં પણ પ્રેમનો સનાતન ભાવ અનુભવ્યો છે. ત્યારપછી નથી મિલન થયું. નથી પત્ર મળ્યો. પણ મનમાં અડગ શ્રદ્ધા છે કે જયાં હશે ત્યાં પ્રેમ ભાવનાનો જ ફેલાવો હશે. આજે અચાનક આ સમાચાર વાંચ્યા. મન પોકારી ઊઠ્યું. બસ આ - એ જ પ્રકાશ સર...

એ સિવાય બીજુ કોઇ ન હોય...

મુક્તાબહેને છાયામાંથી હોસ્પિટલનું નામ સરનામું નોંધ્યું. અને પોતાની પ્રેમમૂર્તિને મળવા તૈયાર થઇ ગયા. હોસ્પિટલના પલંગ પર એકાકી સુતેલા પ્રકાશ સરને જોઇ તેની આંખો ભરાઇ આવી. અંતરમાં લાગણીના પુર ઊમટ્યા... મનમાં સ્પષ્ટ થયું... 'આ માત્ર પ્રકાશ સર નહીં આ તો એમનો પોતાનો 'પ્રકાશ' છે. હા, વર્ષો સુધી અંતરમાં સાચવેલો...'

જોઇને જ મધુર હાસ્ય સાથે કહે - તમે જ આવી પહોંચ્યા ને? મને વિશ્વાસ હતો જ. ચાકરીનો ભાર ઊઠાવવા પ્રભુ તમને મોકલી દેશે...

અને મુક્તાબેને એ ભાર આનંદથી ઉપાડી લીધો...

# પીઢ સાહિત્યકાર-બાળ સાહિત્યકાર વસંતલાલ પરમારને અપાયેલ શ્રદ્ધાંજલિ

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**● સમાચાર સેતુ**

છેલ્લાં ૧૭ વર્ષોથી અવિરત કાર્યરત એવી, ગાંધીનગર સાહિત્ય સભાની માસિક સભા; બીજા રવિવારે તા. ૧૪-૧૨-૨૦૧૪ના રોજ સાંજના ૫.૦૦ વાગે, સરકારી જીલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે, સંસ્થાના પ્રમુખ ભરત કવિના અધ્યક્ષ સ્થાને મળશે. આ સભામાં; ટી.વાય. બી.એસ.સીમાં ગાંધીનગર ખાતે સરકારી વિજ્ઞાન કોલેજમાં અભ્યાસ કરતી કુ. અર્ચના સોનેરી તેમજ મહુવાનાં કવયિત્રી સુચિતા કપૂરનો કાવ્યપઠનનો કાર્યક્રમ અને સ્વ. ચંદ્રકાન્ત વાગડિયાના હાસ્યલેખ સંગ્રહ "વ્યંગ બાય વાગડિયા" નો વિમોચન સમારોહ અને લોકાર્પણવિધિ કરવામાં આવશે. આ સભામાં પધારવા નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો તથા ગાંધીનગર સાહિત્ય સભાના સર્વે સભ્યોને જાહેર-હાર્દિક નિમંત્રણ છે.

**● સર્જક પરિચય સેતુ**

"બાળ સાહિત્ય" ક્ષેત્રે નામના ધરાવનાર એક અદના સાહિત્યકાર વસંતલાલ અથરામ પરમારનો જન્મ ગાંધીનગર જિલ્લાના વાસન ગામે, ૧લી ઓગસ્ટ, ૧૯૨૫માં દરજી કુટુંબમાં થયો હતો. તેમણે પી.ટી.સી., એસ.એસ.સી., કોવિદ અને વિનીત જેવી શૈક્ષણિક કારકિર્દીમાં સફળતા મેળવી, પ્રાથમિક શિક્ષક તરીકે પ્રાથમિક શાળામાં જોડાયા અને એક નિષ્ઠાવાન, પ્રામાણિક શિક્ષક તરીકે તેઓ આજીવન સમર્પિત રહ્યા. અને સાહિત્ય પ્રત્યેની અપ્રતિમ રૂચિને કારણે સાહિત્ય સર્જન માટે કલમ ઉપાડી અને છેવટની છેલ્લી ક્ષણો સુધી સાહિત્ય સર્જન કરતા રહ્યા. ૧૯૮૩માં શૈક્ષણિક વ્યવસાયમાંથી નિવૃત્તિ બાદ પણ તેમણે સાહિત્ય સર્જનનો શોખ તરીકે જાળવી રાખી; વિવિધ સામયિકો, સમાચારપત્રોમાં રસપૂર્ણ લેખો, વાર્તાઓ, કથાઓ દ્વારા સાહિત્ય સર્જનને સાહિત્ય-પૂજાની કક્ષાએ મૂકી, સાહિત્ય સર્જનમાં રત રહી, સાહિત્યક્ષેત્રે બાળ સાહિત્ય, શિકાર કથાઓ, સાહસકથાઓ, લોકકથાઓ, પ્રાણી કથાઓ, વાર્તાઓ રૂપે આશરે ૭૧ જેટલાં પુસ્તકો ભેટ ધર્યા અને આ સાહિત્યસેવાની કદરરૂપે સાહિત્યિક ક્ષેત્રની વિવિધ સંસ્થાઓ, ગુજરાત સરકાર દ્વારા - સંસ્કૃતિ એવોર્ડ, વડોદરા-૨૦૦૬, સર્વોત્ત કથાશ્રેણી (વાર્તાઓ) ભાગ ૧ થી ૬, ૧૯૯૬ પારિતોષિક, આપણા દેશની લોકકથાઓ, લોકસાહિત્ય-૨૦૦૪ પારિતોષિક (ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર) જેવાં પારિતોષિક, પુરસ્કાર, પ્રશસ્તિ પત્રોથી નવાજવામાં આવ્યા.

છેલ્લે ઓકટોબર-૨૦૧૩માં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા રૂા. ૧૧,૦૦૦/- અગિયાર હજારના રોકડ પુરસ્કારથી નવાજવામાં આવ્યા.

વસંતલાલ પરમારે સાહિત્યને ભેટ ધરેલ પુસ્તકોમાં બાળ સાહિત્યમાં - મોતનો મુકાબલો (શિકાર કથા), ૧૯૯૪; લોકકથામાં - વિદેશી/ભારતીય શિકાર કથાઓ, સાહસભરી શિકાર કથાઓ, ૧૯૯૫; આપણા દેશની લોકકથાઓ - ૨૦૦૪, સરળ બાળકથા માળા-ભાગ-૧ થી ૫, ૧૯૯૮; અવનવી પ્રાણીકથાઓ, ૧૯૯૯, નાનકડો બહાદુર - ૨૦૦૦; ફૂલોના ગામમાં - ૨૦૦૧; સંસ્કાર બાલકિશોર કથામાળા - ભાગ-૧ થી ૫; નંદન બાલકિશોર કથામાળા-૨૦૦૧; વાર્તાસંગ્રહ "પહેલો દીપક પાડોશીનો, ૨૦૦૭" ખાસ ઉલ્લેખનીય છે.

આવા એક સરળ, પ્રામાણિક, નિષ્ઠાવાન, સાહિત્ય પ્રત્યે અપ્રતિમ રસ દાખવનાર, શૈક્ષણિક ક્ષેત્રે સમર્પિત અને બાળસાહિત્યમાં ઉમદા અને અનોખું પ્રદાન કરનાર, સાહિત્ય સર્જનને પૂજાની કક્ષાએ મૂકી સાહિત્ય સર્જન કરનાર સાહિત્યકાર વસંતલાલ પરમારનો તા. ૫-૧૨-૨૦૧૪ના રોજ દેહવિલય થયો અને પંચમહાભૂતમાં ભળી અમર થઇ ગયો. ભલે તેમનું દેહાવસાન થયું, પરંતુ તેઓ તેમના સાહિત્ય સર્જનથી અને ખાસ કરીને બાળસાહિત્ય, શિકારકથા અને લોકકથાઓના રચયિતા તરીકે લોકોના દિલમાં કાયમ અમર રહેશે. તેમની સાહિત્ય સુવાસ કાયમ ચોમેર મઘમઘતી રહેશે.

**● શ્રદ્ધાંજલિસહ પુષ્પાંજલિ**

પીઢ સાહિત્યકાર-બાળ સાહિત્યકાર વસંતલાલ પરમારની તા. ૫-૧૨-૨૦૧૪ના રોજ યોજાયેલ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં, ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરતભાઇ કવિ 'ઊર્મિલ' પૂર્વપ્રમુખ દોલતભાઇ ભટ્ટ, ઉપપ્રમુખ નટવરભાઇ હેડાઉ, મંત્રી મૂળજીભાઇ પરમાર 'દધિ', સભ્ય ભ.ન. વણકર તથા સાહિત્ય સભાના અન્ય સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહી, સ્વર્ગસ્થની સાહિત્ય સેવાને બિરદાવી, શ્રદ્ધાંજલિ સહ પુષ્પાંજલિ અર્પી હતી.

**● સંતોક્તિ**

"તેરે અંદર સાંચ હૈ, બહાર નહિં જનાવ
જાનનહારા જાનિ હૈ, અંતર ગતિ કા ભાવ."
"બુંદ સમાના સમુદ્રમેં, જાનત હૈ સબ કોઇ,
સમુદ્ર સમાના બુંદ મેં, જાને વિરલા કોઇ."

**● કાવ્ય સેતુ**

કંઇક
છે ખરે સંપૂર્ણ ખાલીખમ,
છતાંય ઉભરાય છે કંઇક!
અફાટ રણ કોરું - ધાકોડ,
છાલકે છલકાય છે કંઇક!
શૂન્ય થૈ સૂતી ગિરિકંદરા,
છતાં પડઘાય છે કંઇક!
પહેર્યા નથી પગે પાયલ,
છતાં ઝણકાય છે કંઇક!
આંધણે ઓર્યું જ નથી ચૂલે,
ભીતરે દુણાય છે કંઇક!
પંખી જંપ્યાં નીડે શાંત ચિત્તે,
છતાં કલશોરાય છે કંઇક!
છે અધરોષ્ઠ તો સૂકાભંઠ,
છતાં ભીંજવી જાય છે કંઇક!
પ્રણય વૈફલ્ય છે સાદ્યંત,
છતાં સામીપ્ય સધાય છે કંઇક!
સરિતા મળે હેતે દધિને,
(છતાં) પેટાળે ખળભળાટ છે કંઇક!

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**● અવળોક્તિ**

એક દિવસ દેવળમાં પ્રવચન કરતાં પાદરીએ કહ્યું : 'આજે હું જૂઠાણાં વિષે પ્રવચન આપવાનો છું. પણ એ પહેલાં તમે મને કહો, અહીં હાજર રહેલાઓમાંથી 'માર્ક'નું સત્તરમું પ્રકરણ કોણે કોણે વાંચ્યું છે?'

હાજર રહેલી લગભગ બધી જ વ્યક્તિઓએ "બાઇબલ"માં 'માર્ક' નું સત્તરમું પ્રકરણ છે જ નહીં, ચાલો હવે આપણે શરૂ કરીએ.

# ભેગું કરે તે નહિ, ભોગવે તે ભાગ્યશાળી

## રોહિતોપદેશ

- રોહિત શાહ

એક શ્રીમંત માણસ પાસે તેની સાત-સાત પેઢી સુખથી જીવી શકે એટલી બધી સંપત્તિ હતી. તે માણસને ચિંતા થતી હતી કે અરેરે, મારી આઠમી પેઢી બિચારી શું કરશે? લોભ માણસને કદી સુખ ભોગવવા દેતો નથી. આ માણસ પણ આઠમી પેઢીની ચિંતામાં એવો ડૂબી ગયો કે ખાવા પીવાનું તેને ગમતું નહિ. રાત્રે નિંદ્રા પણ ન આવે.

કોઇ સજ્જને તે માણસને કહ્યું કે 'તમારે જો હજી પણ સંપત્તિ વધારવી હોય અને તમારી પચ્ચીસ પેઢી નિરાંતે જીવી શકે એટલા ધન-દોલત મેળવવાં હોય તો એક રામબાણ ઉપાય છે. તમારે એવી પ્રતિજ્ઞા લેવાની છે કે જે હું દરરોજ એક વ્યક્તિને ભોજન કરાવીને પછી જ ભોજન કરીશ. જે દિવસે તમને કોઇ ગરીબ ભિખારીને જમાડવાની તક ન મળે, એ દિવસે તમારે પણ ભોજન નહિ કરવાનું.' લોભી માણસે આ ઉપાય સ્વીકારી લીધો. દરરોજ કોઇ એક દરિદ્ર ભિખારીને જમાડ્યા પછી જ પોતે ભોજન લેવાનું શરૂ કર્યું. થોડો સમય તો એમ ચાલ્યું, પણ એક દિવસ એવું બન્યું કે તેને નગરમાંથી કોઇ ભિખારી ન મળ્યો. માંડ - માંડ બાજુના ગામમાંથી એક ભિખારીને બોલાવ્યો. લોભી માણસે તેને વિનંતી કરી કે 'આજે તારે મારે ત્યાં ભોજન કરવાનું છે.'

ભિખારીએ કહ્યું, 'શેઠ! આજે તો મેં ભોજન કરી જ લીધું છે. હવે બીજી વખત ભોજન કરી શકાય એવી મારી સ્થિતિ નથી.'

લોભી માણસે કહ્યું, 'જો એમ હોય તો ભોજનની પીરસેલી થાળી તું તારી સાથે લઇ જા. મારે વ્રત છે. ગરીબ માણસને ભોજન આપ્યા વગર હું પોતે ભોજન નથી કરી શકતો.'

ગરીબ માણસ ખુમારીથી બોલ્યો, 'શેઠ! અત્યારે તો મારું ભેટ ભરાયેલું છે અને આવતીકાલે કાલના ભોજનની પરવા હું કરતો નથી. ધન હોય કે ભોજન સંગ્રહ કરવાની મને જરૂર નથી લાગતી.'

ભિખારીના શબ્દેએ પેલા લોભી આદમીના ભીતરમાં ચિંતન પ્રગટાવ્યું, 'રે! આ માણસ આવતી કાલનીય પરવા નથી કરતો અને હું તો મારી આઠમી પેઢીની ચિંતા કરી રહ્યો છું! તેની પાસે કાંઇ નથી તોય મસ્તીથી જીવે છે અને મારી પાસે આટઆટલું હોવા છતાં હું દુઃખી દુઃખી છું. હું કેવો મૂરખ!'

દુનિયામાં લોભી અને પરિગ્રહી માણસ કદીય સુખી નથી હોતો. તેની પાસે ગમે તેટલો કુબેરભંડાર હશે તોય તેને વધારે મેળવવાની અને વધારે સંગ્રહ કરવાની લાલચ હશે. હાથવગાં સુખોને તે ભોગવી નહિ શકે.

એક સનાતન સત્ય સૌએ યાદ રાખવા જેવું છે કે ભેગું કરે તે નહિ પણ ભોગવી જાણે તે ભાગ્યશાળી ગણાય.

આપણે ક્યારેક આપણા અતીતને યાદ કરવો જોઇએ. આપણી પાસે ત્યારે સ્કૂટર કે મોટર કશું નહોતું, બંગલોય નહોતો અને નોકર-ચાકર પણ ન હતા, છતાં એ દિવસોમાં આપણે કેવા સુખી હતા! આપણે મરજી મુજબ મોજથી જીવી શકતા હતા. ભાડાના ઘરમાંય અજંપો નહોતો. આજે આપણી પાસે બધું જ છે, તોય આપણે હૈયે નિરાંત કેમ નથી? એનું કારણ છે લોભ. લોભ જેમ-જેમ વધતો ગયો તેમ-તેમ આપણે વધારે દુઃખી થતા ગયા. ગરીબીમાં જે સુખોની આપણે ઝંખના કરતા હતા એ તમામ સુખો મળી ગયાં છતાં આપણે સુખી ન થયા.

લાઇફમાં માત્ર સંપત્તિનું સુખ ઇનફ નથી હોતું. સંતાનનું સુખ, સંબંધોનું સુખ, સ્નેહ પામવાનું સુખ, સ્નેહ વહેંચવાનું સુખ - આવા બધાં સુખો ન હોય ત્યારે સંપત્તિનું સુખ તો ડંખ્યા કરે છે. એર કંડિશન્ડ બેડરૂમમાં કિમતી પથારી હોવા છતાં ઉજાગરા થયા હોય તો જાણવું કે આપણે ભટકી ગયા છીએ. સંગ્રહ કરીને, સંપત્તિના ઢગલા ઉપર બેસીનેય અલ્ટિમેટલી આપણે દુઃખી જ રહ્યા. એનો અર્થ એ થયો કે આપણે ખોટી દિશામાં દોડ્યા અને વ્યર્થ ઉધામા કર્યા.

આનો અર્થ એવો નથી થયો કે સંપત્તિને પાપ સમજીને ગમે ત્યાં વેડફી મારવી કે એનો ત્યાગ કરીને નીકળી પડવું. સંપત્તિને છોડી દેવી એય મૂર્ખામી જ છે. સંપત્તિને વળગીય ન પડાય અને એને ફેંકી પણ ન દેવાય. બસ, એનો ઉપયોગ કરાય અને વધારાની સંપત્તિ હોય તો એનું બીજાઓનાં હિતમાં વિસર્જન કરાય. આપણી લાઇફની કિંમતી પળો માત્ર સંપત્તિના સંગ્રહમાં જ વેડફાઇ જવી ન જોઇએ. સંબંધો મહેકાવવામાં અને સાચાં સુખોને ગોતવામાંય સક્રિય રહેવું જોઇએ. આપણે સભાનતાપૂર્વક, આપણી આવશ્યકતાઓ અનુસાર પરિગ્રહની એક સીમા ફિક્સ કરવી જોઇએ. એ સીમા સુધી પહોંચ્યા પછી વધારાનું સઘળું પરહિતમાં વિસર્જન કરતા રહેવું જોઇએ. સર્જન જેટલું સુખદ છે એથીય વિશેષ સમજણપૂર્વકનું વિસર્જન દુખદ છે - આ વાત જે લોકો સમજી ચૂક્યા છે તે લોકો મોજથી અને ગર્વથી કહે છે : નો પ્રોબ્લેમ!